## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




વેલેન્ટાઈન ડે માં ..... સ્વીટુ, સ્વીટુ કરીને છોકરી પાછળ ફરવામાં ધ્યાન રાખજે... ક્યાંક તે મી-ટુમાં ફસાવી ન દે...

# પેથાપુરમાં મંદિર પાસે ખુલ્લેઆમ જુગાર રમતા ચાર ઝડપાયા

### પોલીસના દરોડામાં મહિલા જુગારી ભાગી જવામાં સફળ રહી..! : ૪ હજારનો રોકડ મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૧૩

પેથાપુર પોલીસે ગઈકાલે સાંજે બાતમીના આધારે પેથાપુર ગામમાં આવેલા લક્ષ્મી માતાજીના મંદિર પાસે દરોડો પાડીને ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ચાર શકુનિઓને પકડી પાડ્યા હતા. જ્યારે એક મહિલા જુગારી આ પોલીસ દરોડામાં ભાગી છૂટવામાં સફળ રહી હોવાનું જાણવા મળ્યું છે. પેથાપુર પોલીસે તેમની પાસેથી રોકડ રૂપિયા ૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ફરાર થઈ ગયેલી મહિલા આરોપીને પકડી પાડવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

પેથાપુર પોલીસ મથકની ટીમ ગઈ કાલે સાંજે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે પેથાપુર ગામના લક્ષ્મી માતાજીના મંદિર પાસે કેટલાક શખ્સો ટોળું વળીને બાજી માંડીને બેઠા છે. આ બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમ મંદિર પાસે પહોંચી ગઈ હતી અને દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે પોલીસે કોર્ડન કરીને સ્થળ પરથી જુગાર રમી રહેલા પાંચ પૈકી ચાર શકુનિઓને પકડી પાડ્યા હતા. નવાઈની વાત એ છે કે પોલીસને હાથે ચાર શકુનિઓ પકડાયા જ્યારે પોલીસને ચકમો આપીને ફરાર થઈ જનાર મહિલા જુગારી હતી. પોલીસે ચાર શકુનીઓની ધરપકડ કરીને તેમની પાસેથી રૂ.૪ હજારની કિંમતનો રોકડ મુદ્દામાલ જપ્ત કર્યો છે. પેથાપુર પોલીસે પેથાપુર ખાતે લીમડા ફળીમાં રહેતા મયુર દિલાવર મુલતાની, પેથાપુર કસબામાં રહેતા નુર મહંમદ ફરીદખાન પઠાણ, પેથાપુર વાડીવાળા વાસમાં રહેતા રાજેન્દ્ર કાનજી ઠાકોર અને પેથાપુર રહેતા સલીમ મનુ મુલતાની મળીને ચાર શખ્સોની ધરપકડ કરી લીધી હતી. જ્યારે પેથાપુરના ગોગાજી મંદિર પાસે રહેતી મહિલા આરોપી બસરૂન મુલતાની પોલીસને ચકમો આપીને નાસી છૂટવામાં સફળ રહી હતી. પેથાપુર પોલીસે પાંચેય સામે ગુનો દાખલ કરીને ચારની ધરપકડ કરી ફરાર થઈ ગયેલી મહિલા આરોપીને શોધી કાઢવા ચક્રોગતિમાન કર્યા છે.

# ઓએનજીસીની ભરતીમાંથી ૧૦ ટકા ઈબીસી કોટા જ ગાયબ

ગાંધીનગર, તા. ૧૩

લાંબા સમય સુધી ચાલેલા આંદોલન પછી કેન્દ્ર સરકારે મોડે મોડે પણ સવર્ણ વર્ગ માટે ૧૦ ટકા અનામત આપવાનું જાહેર કર્યુ છે અને ગુજરાત ઈબીસીની અમલવારી કરવામાં પ્રથમ ક્રમ છે તેમ છતાં પણ તાજેતરમાં ઓએનજીસીએ બહાર પાડેલી ૭૩૭ જગ્યાઓની ભરતી માટે ઈસીબીના માટે કોઈ કોટા રાખવામાં આવ્યો નથી જેથી નોકરીવાચ્છુક સવર્ણ વર્ગના યુવાનોએ રોષ વ્યક્ત કર્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા થોડા સમય અગાઉ આર્થિક રીતે નબળા સવર્ણ વર્ગ માટે વિશેષ પ્રકારે ૧૦ ટકા અનામત નોકરી અને અભ્યાસમાં આપવાની જાહેરાત કરી છે. ગુજરાત સરકાર ઈબીસીની અમલવારી કરાવી પ્રથમ રાજ્યનો શ્રેય લુંટી રહી છે. તાજેતરમાં ઓએનજીસીમાં વિવિધ પદો માટે ૭૩૭ જેટલી જગ્યાઓ પર ભરતી બહાર પાડવામાં આવી છે પરંતુ આ ભરતી માટે કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા ૧૦ ટકા ઈબીસીનો કોઈ કોટા રાખવામાં આવ્યો નથી. સરકાર એક તરફ ઈબીસીનો મોટો પ્રચાર કરી રહી છે પરંતુ બીજી તરફ ઓએનજીસીની ભરતીમાં કોઈ કોટા ન ફળવાતા નોકરી માટે તૈયારીઓ કરતા યુવાનોએ રોષ વ્યક્ત કર્યો છે અને ભરતીની જાહેરાત રદ કરી નવી ભરતીની જાહેરાત કોટા સાથે બહાર પાડવા માંગ કરી છે.




## સે. ૨માં નગરસેવકની અનોખી ગાંધીગીરી..!!!

સેક્ટર-૨ના અર્બન હેલ્થ સેન્ટરમાં ગંદકી ના થાય તે હેતુથી દર્દીઓને તેમના પગરખાં બહાર ઉતારવા સૂચના અપાય છે પરંતુ હેલ્થ સેન્ટરનો સ્ટાફ આખો દિવસ કામ કરવાનું હોવાથી પોતાના પગરખાં પહેરી રાખતો હતો. આ બાબતે રહીશો દ્વારા સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતને રજૂઆત કરતા તેમણે ''સાપ પણ ના મરે અને લાઠી પણ ના ભાંગે'' જેવો ગાંધીવાદી વિચારયુક્ત વચલો રસ્તો કાઢ્યો અને અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફને કામ કરવા માટે સ્લીપર્સ જેવા હળવા પગરખાંની ભેટ આપી જેથી તેમના ઘરેથી પહેરીને આવેલા પગરખાં દર્દીઓની જેમજ બહાર ઉતારીને કામ કરી શકે. તેમના આ ઉપાયની સ્થાનિક રહીશો દ્વારા પ્રસંશા કરવામાં આવી રહી છે.

# સંજરી પાર્ક પાસેથી બાઈક પર દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

પેથાપુર પોલીસ પેટ્રોલિંગમાં



હતી તે દરમિયાન લોકરક્ષક સંજયસિંહને બાતમી મળી હતી કે પેથાપુર ફતેપુરા થી સંજરી પાર્ક રોડ ઉપર થઈને એક બાઈક જે.ઈ.બી તરફ જવાનું છે. આરજે ૨૭ એસબી ૩૧૧૧ નંબરનુ બાઈક લઈને બે ખેપીયાઓ આ રોડ પરથી દારૂની બોટલની હેરાફેરી કરવાના છે. આ બાતમીના આધારે વોચ ઉપર ગોઠવાઈ જઈ પેથાપુર પોલીસની ટીમે બાઈક પર પસાર થનાર મૂળ રાજસ્થાન બાડમેરના અને હાલ પાવર હાઉસ ગાંધીનગર ખાતે રહેતા મેઘારામ જગમાલભાઈ ચૌધરી અને ખેમારામ ગુમનારામ ચૌધરી નામના બે ખેપિયાઓને દબોચી લીધા હતા. કંતાનના કોથળામાં દારૂની બોટલો લઈને જતા આ બંને શખ્સોની તપાસ કરતા તેમની પાસેથી ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે ૪૮૦૦ રૂપિયાની કિંમતનો દારૂ તથા ૧૨ હજારની કિંમતનું બાઈક મળી કુલ રૂ.૧૬,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી બંને ખેપિયાની ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

# વિદ્યા સહાયકોની ભરતી અંગે ઉમેદવારોનું મુખ્યમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજયની અંદર છેલ્લા ઘણા સમયથી વિદ્યા



સહાયકોની ભરતીને લઈને આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. ભરતી આંદોલનને પગલે અનેકવાર ઉચ્ચકક્ષાએ લેખિત તેમજ મૌખિક રજુઆત કરી છે, તેમ છતા આજદિન સુધી કોઈ નક્કર નિર્ણય આવ્યો નથી. ત્યારે વર્ષ ૨૦૧૭ ની આરટીઆઈ મુજબ ૨૦૮૦૦ જગ્યાઓ ખાલી પડી છે, તેની સામે માત્ર રાજય સરકાર દ્વારા ૩૨૬૨ જગ્યાઓ ભરીને ઉમેદવારો પ્રત્યે તંત્રએ હાસ્યાસ્પદ લાગે તેવું વર્તન કર્યું છે. જેથી ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે આજે યુવા આક્રોશ મંચના નેજા હેઠળ રાજયમાંથી ઉમેદવારો આવ્યા હતા અને સીએમ વિજયભાઈ રૂપાણીને આવેદન પત્ર પાઠવી તાત્કાલીક અસરથી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

રાજયમાં ઘણા સમયથી ટેટ પાસ ઉમેદવારોની ભરતી માટે આંદોલન ચાલી રહ્યું છે. ત્યારે આંદોલનને શાંત પાડવા માટે રાજય સરકાર દ્વારા માત્ર ૩૨૬૩ જગ્યાઓ ભરવામાં આવી હતી. જયારે વર્ષ ૨૦૧૭ની આરટીઆઈ મુજબ રાજયભરમાં ટેટ પાસ ઉમેદવારોની ૨૦૮૦૦ જગ્યાઓ ખાલી પડી છે. ત્યારે માત્ર ૩૨૬૨ જગ્યા ભરીને તંત્રએ વર્ષોથી ટેટે પાસ ઉમેદવારો મહેનત કરી રહ્યા હતા તેમની આશા પર પાણી ફરી વળ્યું છે. નિયમ પ્રમાણે જેટલી ખાલી જગ્યા હોય તેના ૬૦ ટકા મહેકમ દર વર્ષે ભરવાનું હોય છે. પરંતુ રાજય સરકાર દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. ગુજરાતના વિદ્યાર્થીઓ કે જે શાળામાં અભ્યાસ કરે છે. તેમના ભવિષ્ય સાથે પણ ચેડા કરવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા ટેટ પાસ ઉમેદવારોને લઈ તાત્કાલીક નિર્ણય લેવામાં આવતો નથી. ત્યારે નિયમ મુજબ બાકી રહેલી ૬૦ ટકા જગ્યા તાત્કાલીક ધોરણે ભરવામાં આવે તેવી અમારી લાગણી અને માંગણી ઉમેદવારોની છે. તો બીજી તરફ ટુંક સમયમાં યોગ્ય નિર્ણય સરકાર દ્વારા નહીં લેવામાં આવે તો ટેટ પાસ ઉમેદવારો ઉપવાસ આંદોલન કરશે અને આગામી લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કરશે.

# ગજાનન સમિતિ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા. ૧૩

ગજાનન સેવા સમિતિ દ્વારા સોમવારે ભીલોડા તાલુકાના ગોઢ, રૂદ્રેશ્વર તથા ભેટાલી ચાર રસ્તા પાસે ૧૧૮ લાભાર્થીને ચા, ચોખા તથા વિટામીન એ ની કેપ્શૂલ આપવામાં આવી હતી તથા અભાપુર, મોટા ડોડીસરા, નાના ડોડીસરાની શાળામાં ગણવેશ, પુસ્તક, સ્કૂલબેગ પેન, પેન્શિલ તથા મોહનથાળનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં અમિતાબેન પંડિત, નિખિલ ભટ્ટ, મિલિંદભાઈ તથા યોગેશભાઈનો વિશેષ ફાળો રહ્યો હતો.



સરગાસન ટીપી ૯ માં ઉમીયા માં ના રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ટીપી ૯ વિસ્તારની તમામ સોસાયટીના રહીશોએ ભેગા મળી રંગોલી તથા તોરણ કરી માતાજીના રથનું સ્વાગત કરી આવકાર્યો હતો. નાની બાળકીઓએ માથે ગડુલીયો મૂકી માતાજીની ઓવારણા લીધા હતા. માતાજીની આરતી અને પ્રસાદ વગેરે કરી યથાશક્તિ યોગદાન આપી ઉમિયા માતાજીના આ ભવ્ય આયોજનમાં પોતાનો ફાળો આપ્યો હતો.માતાજીના રથે ટીપી૯ના તમામ માર્ગે ઉપર વાજતેગાજતે નગરચર્યા કરી હતી.જેમા અહીં ના રહીશો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં.

# રોસ્ટરના વિરોધમાં અધ્યાપકોએ લોહીથી સહીઓ કરીને કલેક્ટરને આવેદન પત્ર આપ્યું




ગાંધીનગર, તા. ૧૩

કલોલની આર્ટ્સ, સાયન્સ, કોમર્સ કોલેજ અને ગાંધીનગર કોલેજના અધ્યાપકોએ SC/ST/OBC મહાસંઘના આદેશ મુજબ પોતાના લોહીથી સહીઓ કરીને કલેક્ટરને આવેદન આપ્યું હતું. કેન્દ્ર સરકાર અને યુજીસી દ્વારા અધ્યાપકોની ભરતી હવેથી કોલેજની કુલ જગ્યાઓ મુજબ નહિ ભરાય પરંતુ કોલેજમાં વિષય વાર ૧૩ પોઈન્ટ રોસ્ટર મુજબ અનામતની ગણતરી કરવામાં આવશે. જેથી કોલેજમાં SC/ST/OBC ના અધ્યાપકોને ખૂબ જ અન્યાય થશે. આના વિરોધમાં SC/ST/OBC મહાસંઘના જિલ્લા કન્વીનર ડો.એચ.કે. સોલંકીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર કલેક્ટરને લોહીથી સહીઓ કરીને અધ્યાપકોએ આવેદન આપ્યું હતું. જેમાં સરકાર દ્વારા અધ્યાદેશ લાવીને ૧૩ પોઈન્ટ નાબૂદ કરીને જૂનો ૨૦૦ પોઈન્ટ રોસ્ટરનો અમલ કરી બંધારણીય અધિકારો આપવા જણાવાયું છે. આ પ્રસંગે પ્રો. પી.એચ. સોલંકી, પ્રો.સી.કે. મેવાડા, ડો.જે.એમ. ચૌધરી અને ડો.જે.આર. પ્રજાપતિ તથા ડો.બી.યુ. પટેલ અને ડો.જે.આર. પ્રજાપતિ વગેરે આર્ટ્સ સાયન્સ કોમર્સ કોલેજ કલોલ અને ગાંધીનગરના પ્રતિનિધિઓ જોડાયા હતા. ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર, માણસા, દહેગામ, કલોલના અધ્યાપકોએ ૧૩ પોઈન્ટ રોસ્ટરના યુજીસીના પરિપત્રનો પોતાના લોહીથી સહીઓ કરીને સખત વિરોધ નોંધાવ્યો છે.

# ચાંદખેડામાં ભાજપના કાર્યકરો વચ્ચે મારામારી

ગાંધીનગર, તા. ૧૩

શહેરના ચાંદખેડા વિસ્તારમાં ભાજપ યુવા મોરચામાં એક કાર્યકર્તાને નહીં સમાવવા મામલે જાહેરમાં ભાજપ પક્ષના ચાંદખેડા વોર્ડના મહામંત્રી યુવા મોરચાના મહામંત્રી તથા કાર્યકરો વચ્ચે છુટ્ટા હાથની મારામારી થતા ચકચાર મચી ગઈ હતી. જાહેર રોડ પર થયેલી આ બબાલમાં પોલીસે સામસામે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે. ચાંદખેડા વિસ્તારમાં આવેલ દિવ્યપુંજ શાલોમમાં રહેતા ગૌરાંગ રામજીભાઈ આસોડિયાએ ભાજપ પક્ષના ચાંદખેડા વોર્ડના મહામંત્રી તેમજ યુવા મોરચાના મહામંત્રી સહિત ચાર લોકો વિરુદ્ધમાં માર મારીને જાતિવાચક શબ્દો બોલવા બદલ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. ચાંદખેડા પોલીસે ચાર લોકો વિરૂદ્ધમાં એટ્રોસિટી એક્ટ તેમજ લૂંટ અને મારામારી કરવા બદલ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.



અંબાજી મંદિરમાં બ્રાહ્મણોને વિશેષ સુવિધા આપવા ટેમ્પલ કમિટીના વહીવટદારને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના આગેવાનો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે નરેશ રાજા, અશ્વિન ત્રિવેદી, દામરાજી રાજગૌર, શૈલેષ શુકલા સહિત બ્રાહ્મણ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજથી ભાજપ દ્વારા ચૂંટણી લક્ષી કાર્યક્રમો આરંભાશે

અમદાવાદ,તા.૧૩

લોકસભાની ચૂંટણીને લઇને ભાજપ અને કોંગ્રેસે આક્રમક તૈયારીઓ શરૂ કરી દીધી છે. એકબાજુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી આવતીકાલે ચૂંટણી પ્રચારનું રણશિંગૂ ફુંકનાર છે ત્યારે બીજી બાજુ ભાજપના કમલમ ખાતે યુવા મોરચાની બેઠક મળી હતી જેમાં જુદા જુદા કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા હતા. આના ભાગરુપે આવતીકાલથી ભારત કી મન કી બાત મોદી કે સાથ ૫૯૦ સ્થળ પર જુદા જુદા યુવાનો અભિપ્રાય લેવાશે. ભાજપા પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો. ઋત્વિજ પટેલે શ્રી કમલમ ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતા જણાવ્યુ હતુ કે, આજરોજ પ્રદેશ યુવા મોરચાની પ્રદેશ બેઠક મળી હતી, જેમાં પ્રદેશ મહામંત્રી અને યુવા મોરચાના પ્રભારી કે.સી.પટેલ, પ્રદેશ મંત્રી પ્રદિપસિંહ વાઘેલા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ હતુ. પટેલે જણાવ્યુ હતુ કે, ભારત કે મન કી બાત - મોદી કે સાથ અભિયાન અંતર્ગત તારીખ ૧૪, ૧૫, ૧૬ ફેબ્રુઆરીના રોજ યુવા મોરચો ભાજપાના સંકલ્પપત્ર માટે ફરતા રથ સાથે જોડાઇ ગુજરાતભરમાં ૫૯૦ સ્થાનો પર પરિભ્રમણ કરી કોલેજીયન યુવાનો, નોકરીયાત યુવાન, ખેડુત યુવાન, ઈદ્યોગક્ષેત્રે જોડાયેલ યુવાન આ તમામ યુવાનોના સંપર્ક કરી તેમનો અભિપ્રાય મેળવશે. રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના વરદ્ હસ્તે શરૂ થયેલ મેરા પરિવાર-ભાજપા પરિવાર અભિયાનમાં સહભાગી થઈને તારીખ ૧૪ અને ૧૫, ફેબ્રુઆરીના રોજ ગુજરાતભરમાં યુવા મોરચાના કાર્યકર્તાઓ પોતાના નિવાસસ્થાને ભાજપાના ધ્વજનું ધ્વજારોહણ કરશે. પ્રદેશ ભાજપા યુવા મોરચા દ્વારા મંડલ થી લઈને જીલ્લા સ્તર સુધી તારીખ ૧૯ થી ૨૩ ફેબ્રુઆરી દરમ્યાન રમતોત્સવ તથા યુવા મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવશે.

# રોડ પર જ ફળો-શાકભાજી વેચનારાઓને કારણે અકસ્માતનો ભય..!!

### સચિવાલય છુટવાના સમયે ઉભા રહેતા ટેમ્પા, ઊંટલારી કે હાથલારીઓને કારણે ટ્રાફિકમાં અડચણ

ગાંધીનગર, તા. ૧૩

શહેરમાં ટ્રાફિકનું ભારણ વધતુ જાય છે અને ટ્રાફિકની સમસ્યા ખાસ કરીને જ્યારે સરકારી કચેરીઓને પ્રારંભ થવાનો અથવા છુટવાનો ટાઈમ હોય તેવા પીક અવર્સમાં હળવી કરવા ટ્રાફિક સિગ્નલ્સ સુધ્ધાં લગાડી દેવાયાં છે. પરંતુ બીજી તરફ જ્યારે સરકારી કચેરીઓ છુટે છે તેવા સમયે ચ-રોડ અને ઘ-રોડ જેવા મુખ્ય માર્ગો પર શાકભાજીથી માંડીને ફળફળાદિનું વેચાણ કરતાં વેપારીઓ ટેમ્પા, ઊંટલારી અથવા હાથલારી લઈને ઉભા રહે છે જેને ખરીદવા ગ્રાહકો પણ પોતાના વાહન સાથે જ રોડ પર ઉભા રહી



જાય છે જેથી ટ્રાફિક જામની સમસ્યા સર્જાવા પામે છે અને અકસ્માતનો ખતરો પણ પેદા થાય છે.

સચિવાલય સહિત સરકારી કચેરીઓના છુટવાના સમયે અમદાવાદ તરફ જવાના માર્ગો પર ટ્રાફિકનું ભારણ ખૂબ વધી જાય છે કેમકે પોઈન્ટની બસો ઉપરાંત ખાનગી શટલિયા અને પોતાના વાહન લઈને અપડાઉન કરતા કર્મચારીઓની મોટી સંખ્યા એક સાથે પસાર થાય છે. આવા સમયે રોકડી કરી લેવાના હેતુથી શાકભાજી-ફ્રુટના વેપારીઓ વિવિધ વાહનોમાં પોતાનો માલ વેચવા મુખ્ય માર્ગ પર ઉભા રહી જાય છે જેને ખરીદવા કર્મચારીઓ પોતાના વાહન સાથે રોડ પર રોકાતા હોવાથી અકસ્માત સર્જાવાની ભીતી સાથે અન્ય વાહનો માટે અડચણરૂપ બને છે. ચ-રોડ પર જિલ્લા પંચાયત નજીક, ચ-૨ સર્કલ નજીક આ પ્રકારની સ્થિતિ હવે રોજેરોજ જોવા મળે છે. જેમાં ટેમ્પામાં સંતરા, સફરજન, દ્રાક્ષ કે અન્ય ફળો અથવા ઊંટલારીમાં તડબુચ અથવા હાથલારીમાં ટામેટા વગેરે વેચાતા જોવા મળે છે. આ વેપારીઓ પાસે ખરીદી કરવા ઉભા રહી જતા વાહનચાલકોને પગલે ભરચક ટ્રાફિકમાં જોખમી પરિસ્થિતિ સર્જાય છે તેથી તેમને મુખ્ય માર્ગ પરથી હટાવાય અને શક્ય હોય તો આવા વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરાય તેવી માંગ ઉઠવા પામી છે.



ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિ.ના વણઉકેલ્યા પ્રશ્નો બાબતે કેન્દ્રિય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએ અંગત રસ દાખવી તમામ પ્રશ્નોનું સુખદ નિરાકરણ આપ્યુ હતુ. મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાની પ્રશંસનીય કામગીરી બદલ તેમના ઋણ સ્વીકાર કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુજરાતના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ અને સહકાર-રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી ઈશ્વરસિંહ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહેમાનો તથા ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિ.ના ચેરમેન અને પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ બી. પટેલે પુરૂષોત્તમભાઈ રૂપાલાનું સ્મૃતિચિહ્ન, હાર અને શાલ અર્પણ કરી સન્માન કર્યુ હતુ.